# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૬૨૫૧

## સલામી સવારની..

દુખતી રગ દબાવી એકમેકને જાસા આપે છે,
ને એકમેકને પછાડવા પક્ષમાં પાસા નાખે છે.
આશા રાખે છે અડવાણી હજુય ઘોડે ચડવાની -
હતો દબદબો, ઠસ્સો, કેન્દ્રમાં, હજુ આશા રાખે છે..
(અડવાણી-મોદી વચ્ચે ખેલાતા દાવપેચ)

## હાઈકુ

ભૂલાઇ ગઇ!
સંસદીય શિસ્તની -
રીત-રસમ..
(નહેરૂકાળના સંસ્કાર ભૂલાયા)

ભરાઇ ગયો,
દુષ્કૃત્યો - દુષ્કર્મોનો
પાપ નો ઘડો..
(આસુમલ જેલમાં)

## ચિંતન

**વિરમ વિરમાયાસાદ્સ્મા દૂરસ્થ વસાયતો વિપદ્દિ મહતાં ધૈયધ્વંસં યદી ક્ષિતુમીહસે ।**
**અપિ જડ વિધે કલ્પાપાય અપ્ય પેત નિજકર્માઃ કુલશિખરિણઃ ક્ષુદ્રા નૈત નવા જલરાશયઃ ॥**

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક મહાપુરૂષોની ધીરજનું મહત્ત્વ દર્શાવે છે :

'અરે! હે - જડબુદ્ધિ વિધાતા! વિપત્તિઓ અને મુશ્કેલીઓમાં તું મહાપુરૂષોની ધીરજનો અંત-નાશ જોવાનું તું ઇચ્છે છે પણ એવો તારો દુરાગ્રહ છોદી દે એવા પ્રયત્નોનો પણ તું ત્યાગ કર. મહાપુરૂષો પ્રલયકાળ અને મહાસંકટમાં પણ પોતાનું સ્વત્વ-સ્વભાવ-કદી જ ગુમાવતા નથી - પ્રલયકાળમાં પર્વતો પાણીમાં જળ સમાધિ લઇ લે છે અને જયાં સમુદ્ર હોય ત્યાં રણ થઇ જાય પણ - મહાપુરૂષોની ધીરજમાં કોઇ જ ફર્ક પડતો નથી.'

વિધાતા ગમે તેટલા પ્રયત્ન કરે પણ મહાપુરૂષો પોતાનો સદ્ભાવ ભર્યો સ્વભાવ, ધીરજ, ત્યાગ-ક્ષમા જેવા સદ્ગુણો ગમે તેવી મુશ્કેલીઓ - આપત્તિઓ આવે છતાં - કોઇ પણ કપરી કસોટીના સમયમાં પણ તે સદ્ગુણોનો ત્યાગ કરતા નથી.

અહિં વિધિને ઉદ્દેશીને કવિ કહે છે કે તું એવી અપેક્ષા રાખીશ જ નહીં કે સજ્જન ને મુશ્કેલી આપશું તો એ પોતાના સ્વભાવનો ત્યાગ કરી દેશે.

## સુવિચાર

- જો ઇશ્વર તમને મુશ્કેલીની ધાર પરથી ધક્કો મારે તો પણ વિશ્વાસ રાખજો એના પર.. કાં તો તમને પડતાં ઝીલી લેશે.. કાં તો તમને ઉડજતા શીખવી દેશે..!! - **સાધ્વી ઋતુંભરાદેવી**
- ભગવાન આપણી બધી જ ઇચ્છા તુરત જ પુરી નથી કરતા.. પરંતુ તે આપણી ભૂલોની સજા પણ તુરંત જ નથી આપતા — **મનુસ્મૃતિ**
- મહાન માણસો સ્વપ્નને બે સવાલ પૂછે છે એક - શા માટે?, અને બીજો - કઇ રીતે? - **વર્ગીસ કુરિયન**
- ઉત્સાહી, આળસ વગરનો, કામ કરવાની સાચી રીત જાણવાવાળો, વ્યસન વગરનો બહાદુર માણસ પાસે સફળતા અને ધન સામે ચાલીને આવી છે - **જે.આર.ડી.ટાટા**
- કોઇના પ્રભાવથી ન મળે એટલું આપણા સ્વભાવથી મળે.. પણ જો એને સુધારીએ તો.. - **મુનિ ચંદ્રવિજય સૂરિશ્વરજી**
- દુનિયાને છેડે જઇનેય માણસ જે સ્થળે આવવા તડપે એનું નામ 'ઘર'- **ઉમાશંકર જોશી**

## બોધ કથા

કંજૂસ લોકો જાતે જ દાન-પુણ્ય કરી કોઇને કંઇ આપતા નથી પણ જો કોઇ સુખી અને ઉદાર સ્વભાવના પણ દાનપુણ્ય કરે તો પણ એવા લોકોના પેટમાં બળતરા થાય અને ઉદાર લોકોને 'કરકસર' નું મહત્ત્વ સમજાવે અને દાન-પુણ્ય કરતાં અટકાવે..

એક ખેડૂતને ત્યાં પાલતું ઘોડો અને કૂતરો હતાં. કૂતરાનો સ્વભાવ ખરાબ હતો. વગર વાંકે લોકોને ભસે, કરડવાં દોડે, પોતાને ભૂખ ન લાગી હોય તો પણ બીજાને ખાવા ન દે, અને ઘૂરકાટ તો ચાલુ જ હોય.

- પણ ઘોડો નિખાલસ, ઉદાર સ્વભાવનો શાંત સમજુ હતો. હવે ખેડૂત ઘોડાને તાજૂં લીલું ઘાસ અને ચણા ખવડાવે. ત્યાં પડોશીની બકરી હેવાઇ થઇ ગઇ હતી. હજુ ઘોડો ખાતો હોય ત્યાં બકરી આવી મોઢું નાખે અને બિચારો ઘોડો દૂર હટી જઇ પહેલાં બકરીને ધરાઇ ખાઇ લેવા દે! પછી જ પોતે ખાય!

કૂતરાથી આ જોયું અને સહન થતું નો'તું. એક વારે ઘોડાને તેની મૂર્ખાઇ પર ઠપકો આપી સલાહ આપી. તારા ખાવાનું બકરી ખાઇ જાય છે ને તું કંઇ બોલતો કેમ નથી! મારા ખોરાકમાં જો બકરી મોઢું નાખે તો હું તો બચકું જ ભરી લઉં!

ઘોડો કહે ઇશ્વરે મારામાં મહેનત-ઉદારતા અને ક્ષમાના ગુણ મૂક્યા છે. વળી હું ભૂખ્યો રહેતો નથી. થોડું ઓછું ખાવાથી સ્ફૂર્તિ રહે છે! હું તો બકરીને ખાવા દઇશ. કૂતરો રીસમાં ચાલ્યો ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# દિવસો આમ જ આનંદ ઉમંગમાં વિતતા હતા, હેમંતભાઇ ઓફિસમાં હેડ કલાર્ક હતા, તેથી સૌ તેને એક વડીલ જેવું માન આપતા, તેમની વ્યવહાર કુશળતા, પ્રેમ અને કોઇનું પણ કરી આપવાની તત્પરતાને કારણે સૌ કોઇ તેમનો આદર કરતા

## નવાં કલેવર

- નટવર હેડાઉ

રવિવારનો દિવસ હતો. કદાચ બીજો કોઇ દિવસ હોત તો પણ શું ફરક પડવાનો હતો. તડકો ઘરના ધાબા પરથી સરકતો જતો હતો. સૂરજ ચાલતો ચાલતો જાણે થાકવા લાગ્યો હતો. હેમંત ભાઇના ઘરે ભીડ ઓછી થઇ રહી હતી. આજુબાજુના અને શહેરમાંથી આવેલા લોકો તો કયારના જતા રહ્યા હતા. મંડપ વાળા પોતાનો સામાન ભેગો કરવા લાગ્યા હતા. બાકી આખા ઘરમાં મૌંન પ્રસરેલું હતું. આ અવાજો વચ્ચે મૌન વધુ અકળાવનારૂં લાગતું હતું. હેમંતભાઇ માથે ટોપી પહેલી માથું નમાવીને એક ખૂણામાં બેઠેલા હતા. આજે જાણે વધારે ઘરડા લાગતા હતા. અમે બે ચાર લોકો બેઠા હતા તેના વચ્ચે ચર્ચા થતી હતી કે દીકરો આવ્યો નહીં.

પોતાના અંદરનો ડુમો દબાવીને ઓઢેલી શાલ જે જરા સરખી કરતાં હેમંત ભાઇ બોલ્યા. 'તેની કંપનીમાં રજા મળતી નથી.' ત્રણેક મહિના પહેલા જ આવીને ગયો છે.' અમે માથું હલાવી હોંકારો ભણ્યો. ફરી વાતાવરણમાં મૌંન પ્રસરી ગયું.

હું જયારથી આ શહેરમાં આવ્યો છું. ખૂણા પર રહેલા હેમંતભાઇ મારા આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. પતિ-પત્ની પોપટ મેનાની જોડની જેમ બાજુ બાજુમાં ખુરશીઓ નાંખી બેઠેલાં હું જોઇ રહેતો. હાં, જો કે તેમને રિટાયર્ડ થયે ત્રણ વર્ષ થઇ ગયાં. ઉંમર હવે વર્તાવા લાગી છે. બાકી હેમંતભાઇનું જીવન જેમ ચાલતું એમ જ વ્યવસ્થિત ચાલી રહ્યું છે.

હજુ રિટાયરમેન્ટના એક વર્ષ પહેલાંની જ વાત છે. લંચના સમયે તેમને તેમનું ટિફીન બોક્સ ખોલ્યું. એટલે મહીડાએ લલચાતી નજરે જોઇ કોમેન્ટ પાસ કરી. 'યાર હેમંતભાઇની વાઇફ આ ઉંમરે પણ જુઓ કેવાં લાડ લડાવે છે. કેવા પોચા પોચા પરોઠાને બટાકાની સુક્કી ભાજી બનાવી છે.'

તે વાતને સમર્થન આપતાં ડામોરે કહ્યું, 'અરે! ભઇ એટલે તો હેમંતભાઇ તંદુરસ્ત પઠ્ઠા જેવા છે.' હેમંતભાઇ હસતા પત્નીની પ્રશંસાના સુખને આંખમાં સમાવતા તેના સુખદ અનુભવને વાગોળતા રહ્યા.

મહીડાએ આત્મીયતા બતાવી કહ્યું, 'તમે લોકો નજર ન લગાડતા.' એ વાતે બધા ખખડીને હસી પડ્યા.

દિવસો આમ જ આનંદ ઉમંગમાં વિતતા હતા. હેમંતભાઇ ઓફિસમાં હેડ કલાર્ક હતા. તેથી સૌ તેને એક વડીલ જેવું માન આપતા. તેમની વ્યવહાર કુશળતા, પ્રેમ અને કોઇનું પણ કરી આપવાની તત્પરતાને કારણે સૌ કોઇ તેમનો આદર કરતા.

હેમંતભાઇ એ પોતાની આ પ્રતિષ્ઠા ખૂબ ચિવટ અને મહેનત કરીને મેળવી છે. જયારે એ કોલેજના બી.એ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે અચાનક પિતાની છત્રછાયા ગુમાવી દીધેલી. તેથી પોતાની આગળ ભણવાની પ્રબળ ઇચ્છાને દબાવી મન મારીને નોકરીનો ઘંટ પરાણે ગળામાં બાંધવો પડેલો, લગ્ન પછી સમજુ અને ઘરરખ્ખું હેમલતાના આવવાથી તેમને કંઇક આશ્વાસન મળેલું.

તે પછી કિલ્લોલથી ગુંજી ઉઠ્યું. દિકરા હર્ષનું આગમન થયાં જીવનમાં ખુશીઓ અને મીઠાશ આવી ગઇ. હેમંતભાઇ જીવનમાં પોતે ન થઇ શક્યા તે સપનાં તેમનાં પુત્રમાં જોવા લાગ્યાં.

તેમનાં મિત્રો ઘણી વખત ટકોર કરતા. 'અરે! યાર આપણે મધ્યમ વર્ગના માણસો કહેવાઇએ. છોકરા પાછલ આટલો બધો ખર્ચ કરવો સારો નહીં.' થોડી બચત પણ કરવી જોઇએ.'

ત્યારે હેમંતભાઇ ગર્વથી કહેતા. 'મારો દીકરો જ મારી મુડી છે. એ જ મારી એફ.ડી. છે. તેને એન્જીનીયર બનાવીશ. વિદેશ મોકલી.' અને ખરેખર તેમના મનની ઇચ્છા પુરી થઇ. તે દરેક મળે તેને એ વાત કહેતા. 'મારો દીકરો અમેરીકા ગયો. બહુ સારૂં પેકેજ મળ્યુ છે.'

જે દિવસે દીકરાને અમેરીકા વિગા. કરીને ઘેર પાછા ફર્યા ત્યારે હેમાએ આંસુ સારતાં ફફડતા હોઠે કહેલું કે 'આટલા દિવસ ભણતરને કારણે દીકરો દૂર રહ્યો. હવે તમે તેને પરદેશ મોકલી દીધો. સાત સમુદ્ર પાર, મેં તો દીકરાને કાયમ માટે ખોયો ને.'

હેમંતભાઇએ તેને દિલાસો દેતાં કહ્યું, 'અરે! હેમી તારે તો ખુશી થવું જોઇએ. તારો દીકરો અમેરીકા ગયો છે. આપણી સોસાયટીમાં કેટલાંના છોકરા વિદેશ ગયાં? આપણા માટે તો એ કોલર ઊંચા રાખવા જેવી બાબત છે.'

હેમલતા એ રૂંધાયેલા સ્વરે કહ્યું, 'મારો એકનો એક કાળજાનો ટુકડો, આંખો સામેથી ઓઝલ થયો છે ને તમે કહો છો કે કોલર ઊંચા રાખવાની વાત છે. પણ હું શું કરૂં હું તો માં છું ને?'

જયારે દીકરાનો અમેરીકા પહોંચી ગયા તો ફોન આવ્યો ત્યારે હેમંતભાઇ મોટા સાહેબની કેબીનમાં હતા. જોકે ફોન બાબતે વિશેષ કંઇ કહેવાનું ન હતું છતાં એ પોતાની આંતરીક ખુશી વ્યક્ત કરતાં મોટેથી બોલ્યા, 'સોરી સર! દીકરાનો ફોન હતો. તો જોબ માટે અમેરીકા પહોંચી ગયો.'

સાહેબ આંખ પહોળી કરતાં કહ્યું, 'અરે! હેમંતભાઇ આ તો બહુ ખુશીના સમાચાર કહેવાય. તમે આ પહેલાં તો મને કયારેક કહ્યું નથી. તમારો દીકરો કાબેલ છે' ખરેખર તો મોટા સાહેબ પાસે આ સાંભળવા જ તેમને ફોનનો ઉલ્લેખ કર્યો હતો. પેલી તરફ સાહેબ પોતાના દીકરાનો વિચાર કરતા ચુપ રહ્યા.

તે દિવસોમાં હેમંતભાઇના મુખે કાયમ માટે દીકરાની વાતો જ રહેતી. કયારેક બજારમાં શાકભાજી લેવા ગયા હોય ને કોઇ ઓળખીતાં મળી જાય તો પુછતાં 'હેમંતભાઇ હર્ષ હમણાં શું કરે છે?'

ત્યારે એ અમેરીકાની વાતો, તેની કંપનીની વાતો અને ત્યાં મળતી સુવિધાઓની વાતો કંઇને કંઇ કહી દેતા.

હર્ષ બીજી વાર ભારત આવ્યો ત્યારે ધામધુમથી તેનાં લગ્ન કર્યા. વિદેશ રહેતા દીકરા માટે પૈસાદાર ઘરના ઠસ્સા વાળી વહુ આવી ગઇ. વર્ષમાં એક વાર એક મહિના માટે ઘેર આવનાર હર્ષ હવે મા-બાપ પાસે માંડ પંદર દિવસ રહી શકતો. પંદર દિવસ સાસરે જતો. આમ તો બધું બરાબર ચાલતું હતું. પણ હેમલતા ઘણી વખત બહુ ઉદાસ થઇ જતી. તે વિચારતી કે 'ભગવાને એક દીકરો દીધો. તે પણ પરદેશ જઇ બેઠો. તેનું મને કયું સુખ.' તે બીજી સ્ત્રીઓ સાથે પોતાની તુલના કરવા લાગતી. તેને મન ભરીને દીકરા સાથે ફોન પર વાત કરવાનું પણ જાણે કે નસીબમાં ન હતું. ફોન કરે ત્યારે હર્ષ ગુસ્સે થતો મમા આ શું નકામી વાતો લઇને બેઠી છે. મારો ટાઇમ બગડે છે. રાજીખુશીનું પુછી લીધું એટલે બસ. ઠંડીનું ધ્યાન રાખજે, સાચવીને રહેજે એવી બધી નકામી વાતો લઇને બેસી જાય છે.'

આવા ઉપહાસથી હેમલતા રડવા જેવી થઇ જતી. તે જોઇને હેમંતભાઇએ કહ્યું. સાચી વાત તો છે. ત્યાં તેને કામ ઘણું હોય તેમાં તું બૈરાવાળી વાતો લઇને બેસી જાય તો કેમ ચાલે. આપણાં જેવું ત્યાં નથી. ત્યાં કામના સમયે બસ કામ હોય છે.'

'સારું કહેતાં હેમલતા ચુપ થઇ ગઇ. પણ ચુપ થવાથી મને કાંઇ માને ખરૂં. કયારેક પૌત્રનું મોઢું જોવાની ઇચ્છા થઇ આવે છે. એક દિવસ હિંમત કરીને તેણે ફોન લગાવ્યો, 'હર્ષ એકવાર મારો પોતરા સાથે વાત કરાવ.'

તેનો જવાબ વહુએ આપી દીધો. 'બા, મુન્નો અત્યારે સુતો છે. પછી વાત કરાવીશું. બીજું કંઇ?' એમ કહી ફોન કાપી નાંખ્યો.

હેમલતા પાસે આખો દિવસ કોઇ કામ નહોતું. ઘડપણમાં કંઇ ખાવાની ઇચ્છા થતી નથી. તે સારી રીતે પચે પણ નહીં. ફરવાનું પણ ગમતું નહીં. કામવાળી ને કામ છોડાવી દીધું. તેનું કામ જાતે કરવા લાગી. નહાવા-ધોવાનું, મંદિર જવાનું, શાકભાજી લાવવાં, જમવાનું બનાવવું અને હેમંતભાઇ સાથે કલાકો સુધી બેસી છાપાં વાંચતા વાંચતા આવતા જતા લોકોને જોઇને દિવસ વિતાવવો પડતો.

આડોશ-પાડોશના દીકરા - વહુઓ બે ચાર મહિને તેમના બાળકો સાથે ઘરે આવે તે જોઇને હેમલતાનું મન કોચવાતું. તે આ દુઃખને તો ગમે તેમ કરીને સહન કરી લેતી પણ શાક માર્કેટમાં જાય ત્યાં બહેનપણીઓ સાથે વાતો કરતાં તેના મનની ગાંઠ ખુલી જતી. કોઇ તેને કહેતી 'હેમા તારો દીકરો તો બહાર કમાય છે. બહુ મજા છે નહીં?' તું પણ કયારેક ત્યાં જઇ આવજે.' એ સાંભળીને હેમલતા તડપી ઊઠતી. આ તે કેવો પરદેશ. અમે તો દીકરાનું મોઢું ય જોવા પામતા નથી. ઘરમાં સૂનું સૂનું લાગે છે. બે જણા માટે શું રાંધવું ને શું ખાવું? ન કંઇ બનાવવાની ઇચ્છા થાય છે કે ન ખાવાની. અમે તો બસ એમ જ એક દિવસ જતા રહેશું.

ગયા અઠવાડિયે એકદમ તંદુરસ્ત લાગતી હેમલતા વાસણ માંજતા માંજતા હેડકીએ ચડીને સંસાર છોડી વિદાય થઇ ગઇ. હેમંતભાઇ એકલા અટૂલા પડી ગયા. ઘરનું બધું કામ હેમલતા જ કરતી. હવે શું થાય.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રેમનો પરપોટો...!! પ્રથમ પ્રેમભંગથી પજવતી પરેશાની...!!

## યુવતીઓનો પહેરવેશ બદલાયો, એમની ભાષા બદલાઇ, વિવિધ ક્ષેત્રે કરિયર પણ બનાવે છે, પોતાના વિચારોય વ્યક્ત કરે છે, એ મોર્ડન બની છે, પણ છતાંય સાચ્ચે જ સ્ત્રી-પુરૂષ સમાનતા આવી છે ખરી?

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ઉપકારની ભાવના પ્રેમનું પણ ભારણ કરી નાખે છે, એવું ધ્યાને કેમ આવતું નથી? છોકરીઓ પ્રેમમાં પડે છે, ના ફાવ્યું તો એમાંથી બહાર પણ નીકળી જાય છે. 'હવે લગન નથી જ કરવા' એવું ના કહેતા એકાદો કોઈ ગમ્યો તો નવાં સંબંધની - ઈનીંગની શરૂઆત પણ કરે છે... અને છતાંય પ્રથમ પ્રેમભંગનો ગીલ્ટ એમનાં મનમાંથી નીકળતો નથી. એ વારંવાર કહેતી હોય છે કે, ''મારૂં પાછળનું બધું ખબર હોવા છતાં એમને મને પોતાની કરી લીધી'' એવું કેમ?

પ્રેમની ભાવના યુવક અને યુવતી માટે સરખી જ હોય છે. એવું આપણે માનીએ છીએ. મુછનો દોરો ફુટતાં જ ઉંમરમાં આવેલા છોકરાનાં મનમાં જે ચહલપહલ જામે છે એવું જં કંઈક શરીરમાં ફેરફાર થતાં ઉંમરમાં આવેલી છોકરીઓનાં મનમાંય થાય છે... કોકનાં વિશે થનારૂં આકર્ષણ, શરીરમાં બદલાવ, સેક્સ્યુઅલ જીજ્ઞાસાવૃત્તિ આ બધું મનમાં ધરતીકંપ સર્જે છે અને છોકરા-છોકરીઓ સ્કૂલી ઉંમરમાં જ પ્રેમમાં પડે છે, અફેરેસ કરે છે. કૉલેજમાં પગ મુકતાં જ મોકળું મેદાન મળે છે અને પેલીસ ભાવનાઓ અધીક જ તીવ્ર બનતી જાય છે, આપણે કોકનાં પ્રેમમાં હોવું જોઈએ અથવા કોક આપણાં પ્રેમમાં પડવું જોઈએ!!




આ ભાવના પછી ભાવના રહેતી નથી, કયારેક ઈચ્છા બને છે તો કયારેક પીઅર પેશન. પ્રેમમાં પડવાના કારણો અગણિત હોય છે. કોકના વિશે મનનાં કેમેરામાં કશુંક ક્લિક થયું એટલે પ્રેમમાં પડાય. બાકીના મિત્રોને બોયફ્રેન્ડ/ગર્લફ્રેન્ડ છે. એમને સમજનારૂં કોઈક છે, એટલે અમારેય જોઈએ. પ્રેમમાં પડી તો જોઈએ? એવું કહેતાં પણ યુવક-યુવતીઓ પ્રેમમાં પડે છે. અર્થાત જે કારણથી તેઓ પ્રેમમાં પડે છે એના કારણણાં જો દમ ના હોય તો અફેરનું રામ બોલો ભાઈ રામ થઈ જાય છે, જેટલું જલદી અફેર થાય છે એટલું જ ફટાફટ પતી પણ જાય છે... જેટલું અફેર થાય છે એટલું જ ફટાફટ પતી પણ જાય છે... અનેકના બાબતમાં એકાદ-બે અફેર્સ થયેલાં હોવાં એ આજકાલ નોર્મલ બાબત ગણાય છે!

'અફેર્સ થાય જ' એ એકદમ સીદીસાધી ઘટના ગણાય છે. આજના યુવક-યુવતીઓમાં, પોતાનાં પ્રેમ અને જિંદગી બદલ આટલો પ્રેક્ટિકલ એપ્રોચ રાખનારાં તરૂણો એક અફેર્સમાંથી બીજા અફેર્સમાં જતાં માત્ર કંઈક વિચિત્ર મનોભૂમિકામાંથી ભરાયેલાં હોય છે. એવું ઘણી વખત જોવા - સાંભળવા મળે છે અને એમાંય ખાસ એટલે યુવતીઓ...

'મારૂં એને બધું ખબર હોવા છતાં એણે મને અપનાવી લીધી' એવું ઘણી બધી યુવતીઓનાં મોઢે સાંભળવા મળે છે. અને આવું સાંભળતાં અંદરથી કંઈક ઘૂંટન મહેસૂસ થાય છે. ભણેલી, ઉચ્ચ શિક્ષણ લીધેલી, પોતાના પગ પર ઉભેલી, છોકરીઓ આવો વિચાર કેમ કરે છે? એકાદું અફેર્સ તુટ્યું હોય અને ફરી એ પ્રેમમાં પડી હોય અને એણે એનાં નવા જોડીદારને જૂના સંબંધ વિશે જણાવ્યું હોય, એ ખબર પડ્યાં બાદ, સમજી લીધાં બાદ, એનો એનાં પ્રત્યેનો પ્રેમ ઓછો થયો ના હોય અને એ આપણને દિલ દઈને પ્રેમ કરે છે, એવું ના સમજતાં ઘણી બધી યુવતીઓ એને ખબર હોવા છતાં મને અપનાવી એ બદલ આભાર માનવાની માનસિકતામાં જ હોય છે. એમને ઘણી વખત એમનાં પ્રથમ પ્રેમપ્રકરણ અપરાધીકરણની ભાવના જ મનમાં હોય છે અને આપણું એક પ્રકરણ ખબર હોવાં છતાં એ આપણને પ્રેમ કરે છે, એટલે કયાંક પોતાના પર ઉપકાર કરે છે, એવીય ભાવના હોય છે!

આ વાત એટલે કહેવી પડે કે આવી ભાવના, વિચારો માત્ર યુવતીઓ જ કરે છે, કયારેક કોઈ યુવકના મોંઢે સાંભળવા મળતું નથી. એટલે હજી એ છોકરીઓને આપણે એમની ભાવના ખુલ્લા મને સમજી લેવાનું સ્વાતંત્ર્ય આપ્યું છે ખરૂં? અથવા તો પ્રેમભાવના બદલ, પ્રેમપ્રકરણ બદલ યુવતીની ભાવના અમુક પ્રકારની અને યુવકની ભાવના અમુક પ્રકારની અને યુવકની ભાવના તમુક પ્રકારની હોવી જોઈએ એવાં ચોખંડાઓ આપણાં સમાજે કર્યા છે?

લગ્ન પહેલાં છોકરીનું પ્રેમપ્રકરણ ના જ જોઈએ. કદાચ કોકની સાથે હોય જ તો એની સાથે જ એનું લગ્ન થવું જોઈએ. એમાંય એનું પ્રથમ પ્રેમપ્રકરણ ઘણાં વર્ષો ચાલ્યું હોય અને પછી ભંગાણ પડે તો એ તૂટ્યા બાદ એણે પોતાની જાતને અપરાધી માની લેવાનું. એનું જૂનું બંધુ ખબર હોવા છતાં એને સ્વીકારનારને એણે કૃતજ્ઞ રહેવું જોઈએ. આવી બધી અપેક્ષાઓ અપ્રત્યક્ષપણે આજેય આપણો સમાજ યુવતીઓ તરફથી કરે જ છે ને?

યુવાન છોકરીઓનો ઈતિહાસ હોય છે, યુવાન છોકરીઓનો માત્ર ઈતિહાસ હોતો નથી. આજ આપણાં સમાજનું અંગ દઝાડતું સત્ય છે. જીયા ખાન જેવી બોલ્ડ અભિનેત્રી પણ પ્રેમમાં ભારણ હેઠળ 'નિઃશબ્દ' બની જાય છે. સમાજમા - પ્રેમના કાયદા કાનૂન માત્ર યુવતીઓને જ એપ્લીકેબલ થાય છે. યુવકો માત્ર હંમેશા લગ્ને લગ્ને કુંવારા જ રહે છે, યુવતીઓ પ્રથમ પ્રેમભંગ થાય એટલે જયાં માનસિક સંકોચાઈને રહે છે ત્યાં યુવકને લેશમાત્રય ફરક પડતો નથી. ભાવનાની બાબતમાં સ્ત્રીને એનો સ્વભાવ આડો આવી જાય છે...

આજે જયાં એકબાજુ યુવક-યુવતીઓએ શરીરનાં બાંધ ખુલ્લાં મુકી દીધા છે, શરીરથી એક થવા એ છોછ અનુભવતા નથી અને એમાં કાંઈ એમને ખોટુંય લાગતું નથી. કોઈની જોડ કશીય ચર્ચા કર્યા વગર એમને જે કરવું છે એ કરીને જ જંપે છે, પ્રેમનો એ પરફોટો એકવાર ફુટ્યા બાદ એમાંથી ફરી બહાર સ્વસ્થતાથી આવી જાય છે, પણ મનમાં ઘુસી ગયેલા ગ્લાનિનાં થરને એ ગમે તેવી પીતાંબરી ઘસીનેય ઉજળી કરી શકતાં નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સમય - સમય બલવાન, નહીં આદમી બલવાન

## માટી કહે કુંભાર સે, તું કયા રોંદે મોહે, ઈક દિન એસા આયેગા, મૈં રોંદુંગી તોહે

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

મહાન ફિલસૂફ એરિસ્ટોટલનું વિધાન છે કે "સમય કોઈની રાહ જોતો નથી પરંતુ માણસે સમયની રાહ જોવી જોઈએ." કેટલા વાગ્યા? એમ સમય જાણવા માટે આપણે પુછીએ છીએ. તમે જુઓ છો કે ઘડિયાળમાં કાંટા હોય છે. સમયનો કાંટો આદમીને ભોંકાતો રહે છે. માણસને પહેલા તો સેકન્ડ કાંટો ભોંકાય છે. ક્ષણોનો સરવાળો. એ પછી પણ સમયની કિંમત નહીં સમજનારને મિનિટનો કાંટો પણ ભોંકાય છે. આખરે લાંબા સમયે કલાકનો કાંટો પણ વાગે છે. સમયનો સદ્ઉપયોગ જુદી વાત છે. એક જાણીતી ઉક્તિ છે ને કે "સમય - સમય બલવાન, નહીં આદમી બલવાન."

વાગે છે એ સમયના કાંટા છે. વાગે છે એ સમજણના અભાવે અસમજણના કાંટા છે. સમયને સમજવો અને પારખવો દરેક પારેખ - કુશળ પારેખના હાથની પણ વાત નથી હોતી. આ જ રહસ્ય છે કે સમયનું ચર ચાલ્યા કરે છે અને અણસાર મળતો નથી. મૂઠ્ઠી ભરીને હાથમાં લીધેલી રેતીની જેમ સમય સરકતો જાય છે. મૂઠ્ઠી વાળીને જળને બાંધી શકાતું નથી. સમયદર્શક ઘડિયાળ છે અને ઘડિયાળને લોકો કાંડે બાંધી રાખતા હોય છે, પરંતુ આદમી સમયને બાંધી શકતો નથી. સમય જાણે રેશમનો ટુકડો છે, હાથમાં બાંધી રાખો કે પકડી-જકડી રાખો તો પણ એ સરકી જાય છે.

સારો સમય અને ખરાબ સમય એટલે શું? સમય જાણે કે કુદરતનું કોઈ છળ છે. માણસનો સારો સમય શરુ થઈ ગયો હોય, પરંતુ એને માણવાના કેફમાં માણસને ખબર જ ન રહે કે આપણો સારો સમય ચાલી રહ્યો છે. બીજી વાત એ પણ ખરી કે સારો સમય માણસને હંમેશા ટૂંકો યા ઓછો જ જણાય. જ્યારે માણસનો ખરાબ સમય શરુ થાય ત્યારે એની જાણ તરત માણસને થઈ જતી હોય છે. મધ હોય ત્યાં મધમાખીઓ બણબણવા માંડે છે. મધમાખીઓ જ્યારે દૂર ચાલી જાય ત્યારે સમજવું કે હવે ખરાબ સમય શરુ થઈ ગયો છે. એથી ઊલટું સારો સમય શરુ થયો, એની કેવી રીતે ખબર પડે? વેરી સિમ્પલ. માણસ મધમાખીઓ - વાહવાહી કરનારાઓ - ખુશામતખોરોથી ઘેરાઈ જાય. જો કે આ બધી બાબતોથી બચવું અઘરું છે. હકીકત એ છે કે એનાથી બચી શકાતું નથી. ખુશામત વળી કોને ન ગમે? ખુશામત તો ખુદા કો ભી પ્યારી હૈ.

સમયનો પટ લાંબો પણ લાગે અને ટૂંકો પણ લાગે. સમયની લંબાઈ અને ટૂંકી અવધિનું માપ કઈ રીતે નીકળે? જ્યારે પ્રિયજનની રાહ જોવાની વેળા આવે ત્યારે આ વાત ખબર પડે. પ્રિયજનનો આવવાનો સમય તો નિર્ધારિલો જ હોય. છતા નિર્ધારિલા સમય પહેલાની એક-એક ક્ષણ કેવી અને કેટલી લાંબી લાગે છે, એ તો અનુભાવનથી જ ખબર પડે. પરંતુ ટૂંકી અવધિનું શું? પ્રિયજનની મુલાકાત ગમે તેટલી લાંબી હોય, એ ટૂંકામાં ટૂંકી જ લાગે.

એરિસ્ટોટલ કહે છે એમ સમય કોઈની રાહ જોતો નથી, પરંતુ આપણે સમયની રાહ જોવી જોઈએ. તક આપણો દરવાજો યોગ્ય સમય આવે ત્યારે જ ખટખટાવે છે. એને આપણે નસીબ પણ કહી શકીએ. બીજી તરફ એક દલીલ તૈયાર જ હોય છે કે નસીબની રાહ જોઈને બેસી રહેવાય નહીં, માણસે પુરુષાર્થ - પરિશ્રમ પણ કરવો જોઈએ. વાત સમયની છે. સમયનું ચર ગોળ-ગોળ ફરતું રહે છે. સમય-સમયની વાત છે. દરેક વ્યક્તિનો સમય આવે જ છે, આવતો જ હોય છે. માત્ર સમયનો સદુપયોગ કરતા આવડવું જોઈએ. એક દોહો યાદ આવે છે. જાણીતો દોહો છે.

"માટી કહે કુંભાર સે, તું કયા રોંદે મોહે, ઇક દિન એસા આયેગા, મૈં રોંદુંગી તોહે."

જ્યારે કુંભ કલાકાર માટીકામ કરવા, માટીના વાસણો બનાવવા માટે માટી પલાળે છે અને ભીની માટીને રોંદવાનું કામ કરે છે, પગથી મસળે છે. વારંવાર મસળે છે ત્યારે માટી કુંભ કલાકારને કહે છે કે ભલે તું મને મસળે છે. આજે તારો વારો છે. કાલ મારી છે - કલ હમારા હૈ. વાત સાચી છે. માણસ નામે રાખનાં રમકડાં. માણસ જ્યારે મૃત્યુ પામે અને અંતિમવિધિ સંપન્ન થાય ત્યારે એના દેહનો મેળાપ માટી સાથે થાય છે. સમય બદલાઈ ગયો હોય છે. હવે માટીનો સમય આવ્યો છે, પેલા દેહને મસળવાનો - ગુંદવાનો સમય. દુનિયામાં આવાં દૃશ્યો રચાતાં રહે છે. વારા પછી વારો - તારા પછી મારો. સમય નામની જણસને સમજવી અઘરી અને કપરી છે. સમયની ચાલને પારખી લેવાની પણ એક અલાયદી મજા હોય છે.મોટો જીવ કીડીને ખાઈ જાય છે, પછી? પછી મોટો જીવ માર્યો જાય ત્યારે એના શરીરને કીડીઓનો સમુહ જ ખેંચી જતો હોય છે. વારા પછી વારો. આ જ તો સમયની ચાલ છે. સમયની ચાલ પારખવી મુશ્કેલ હોય છે. સમયને પારખનારને યોગી, તપસ્વી અને સિદ્ધપુરુષ જ માની શકાય. સમયને સમજવા માટે તપશ્ચર્યાની જરુર પડે છે.

તો, શું કરવું જોઈએ? સમય સારો કે સમય ખરાબ - કોણ સારું કે કોણ ખરાબ? એની વિમાસણમાં પડ્યા વિના કંઈક સારું કાર્ય કરતા રહેવું. થઈ શકે એટલું સારું કરવાનો પ્રયાસ - સારાપણાંની દિશા આપણને સારા સમય તરફ અવશ્ય લઈ જઈ શકે. **Do the Best. All the Best.**

**સ્ટોપર :**

**Do the Best you can Until you know Better. Then when you know Better, Do Better.**